## પ્રકરણ—૨

# સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

## ૨.૧ જાહેર તંત્ર ઉદ્દેશ / હેતુ

સરદાર સરોવર પરિયોજનાના ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અસરગ્રસ્તો કે જેઓ ગુજરાતમાં પુનઃવસન ઈચ્છે છે, તેવા અસરગ્રસ્તોનું ગુજરાતમાં પુનઃવસન કરાવવુ.

## ૨.૨ જાહેર તંત્રનું મિશન દુરંદેશીપણું (વિઝન)

અસરગ્રસ્તોંનું પુનઃવસન નર્મદા જળ વિવાદ પંચના એવોર્ડની જોગવાઈઓ, રાજયના પુનઃવસન પેકેજની જોગવાઈઓ, નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદાની જોગવાઈઓ તેમજ ફરિયાદ નિવારણ પ્રાધિકરણ, નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી અને આર.એન્ડ આર. સબગૃપની સૂચનાઓ અનુસાર અસરગ્રસ્તોનું પુનઃવસન કરાવવું અને તેઓના જીવનધોરણમાં સુધારો થાય તે પ્રમાણે કાર્યવાહી કરવી.

## ૨.૩ જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

રાજય સરકારશ્રી ધ્વારા સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીની સ્થાપના તા. ૫/૧૨/૧૯૯૨ ના નર્મદા અને જળ સંપત્તિ વિકાસ વિભાગના ઠરાવથી કરવામાં આવેલ છે. એજન્સીની મુખ્ય કામગીરી સરદાર સરોવર પરિયોજનાના અસરગ્રસ્તોના પુનઃવસન સાથે સંકળાયેલ છે.

## ૨.૪ જાહેર તંત્રની ફરજો

(૧) સરદાર સરોવર પરિયોજનાના અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરી કરવી,

(૨) મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના અસરગ્રસ્તો કે જેઓએ ગુજરાતમાં વસવા સંમતિ આપી છે તેવા અસરગ્રસ્તોની ચકાસણી કરવી, અને અસરગ્રસ્તોના પુનઃવસન માટે ગુજરાતમાં લાવવા, જમીનની પસંદગી કરાવવી, જમીનના પટ્ટા આપવા, ૭×૧૨ આપવા તેમજ સનદો આપવી ગુજરાતના અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરી કરવી. તેમજ અસરગ્રસ્ત કુટુંબોને ઉત્પાદકીય સહાય પુરી પાડવી

(૩) અસરગ્રસ્તોના પુનઃવસન માટે જમીનની ખરીદી કરવી.

(૪) ગુજરાતના અરજદારોને અસરગ્રસ્ત જાહેર કરવા.

(૫) અસરગ્રસ્તોના પુનઃવસન માટે પુનઃવસન સ્થળ (આર.એન્ડ આર. સાઈટ) વિકસાવવા અને નિયમોનુસાર નાગરિક સુવિધાની કામગીરી કરવી.

(૬) અસરગ્રસ્તોની ફરિયાદોનું નિરાકરણ કરવું અને ફરિયાદ નિવારણ પ્રાધિકરણની સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવી.

(૭) નોન કમાન્ડ વિસ્તારમાં આવેલ જમીનમાં સિંચાઈ સુવિધા ઉભી કરવી.

(૮) નાગરિક સુવિધાઓની જાળવણી કરવી.

(૯) રાજ્ય સરકારશ્રીના અન્ય વિભાગો, એજન્સીઓ, બોર્ડ–કોર્પોરેશન સાથે સંકલન જાળવી અસરગ્રસ્તોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ અપાવવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા.

(૧૦)ભારત સરકાર નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી, આર.એન્ડ આર. સબગૃપ, રાજ્ય સરકાર મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સરકારશ્રી સાથે સંકલન જાળવવું.

(૧૧)પુનઃવસનની કામગીરી માટે કર્મચારીઓ / અધિકારીઓની નિમણુંક કરવી, ખર્ચના હિસાબો નિભાવવા અને બજેટને લગતી તમામ કામગીરી કરવી.

## ૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃત્તિઓ / કાર્યો.

(૧) સરદાર સરોવર પરિયોજનાના અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરી કરવી,

(૨) મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના અસરગ્રસ્તો કે જેઓએ ગુજરાતમાં વસવા સંમતિ આપી છે તેવા અસરગ્રસ્તોની ચકાસણી કરવી, અને અસરગ્રસ્તોના પુનઃવસન માટે ગુજરાતમાં લાવવા, જમીનની પસંદગી કરાવવી, જમીનના પટ્ટા આપવા, જમીન તેમના નામે કરી ૭×૧૨ ૮–અ પુરા પાડવા – સનદો આપવાની કામગીરી સાથે તેમજ ગુજરાતના અસરગ્રસ્તોના પુનઃવસનની પણ કામગીરી કરવી.

(૩) અસરગ્રસ્તોના પુનઃવસન માટે જમીનની ખરીદી કરવી.

(૪) ગુજરાતના અરજદારોને અસરગ્રસ્ત જાહેર કરવા.

(૫) અસરગ્રસ્તોના પુનઃવસન માટે પુનઃવસન સ્થળ (આર.એન્ડ આર. સાઈટ) વિકસાવવા અને નિયમોનુસાર નાગરિક સુવિધાની કામગીરી કરવી.

(૬) અસરગ્રસ્તોની ફરિયાદોનું નિરાકરણ કરવું અને ફરિયાદ નિવારણ પ્રાધિકરણની સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવી.

(૭) નોન કમાન્ડ વિસ્તારમાં આવેલ જમીનમાં સિંચાઈ સુવિધા ઉભી કરવી.

(૮) નાગરિક સુવિધાઓની જાળવણી કરવી.

(૯) રાજ્ય સરકારશ્રીના અન્ય વિભાગો, એજન્સીઓ, બોર્ડ–કોર્પોરેશન સાથે સંકલન જાળવી અસરગ્રસ્તોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ અપાવવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા.

(૧૦)ભારત સરકાર નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી, આર.એન્ડ આર. સબગૃપ, રાજ્ય સરકાર મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સરકારશ્રી સાથે સંકલન જાળવવું.

(૧૧)પુનઃવસનની કામગીરી માટે કર્મચારીઓ / અધિકારીઓની નિમણુંક કરવી, ખર્ચના હિસાબો નિભાવવા અને બજેટને લગતી તમામ કામગીરી કરવી.

## ૨.૬ જાહેર તંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ.

### (૧) આરોગ્ય ક્ષેત્રે.

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા ૧૫૪ જેટલી વસાહતોમાં ડીસ્પેન્સરીનું બાંધકામ કરવામાં આવેલ છે. વસાહતોમાં એક અઠવાડિયામાં બે વખત મેડીકલ ઓફીસરશ્રી ધ્વારા મુલાકાત લેવામાં આવે છે. તેમજ ૧ (એક) ફીજીશીયન,

૧(એક) પિડીયાટ્રીશીયન અને ૧(એક) ગાયનેકોલોજીસ્ટ મળી કુલ ૩ (ત્રણ) નિષ્ણાતોની સેવાઓ મોબાઈલ હોસ્પિટલ ધ્વારા અસરગ્રસ્તોને પુરી પાડવામાં આવે છે. મોબાઈલ હોસ્પિટલમાં એકસરે, સોનોગ્રાફી જેવી સગવડો ઉભી કરવામાં આવેલ છે. ૨૧ (એકવીસ) મેડીકલ ઓફીસરો, ૩ (ત્રણ)નિષ્ણાત અને નાયબ નિયામકશ્રી (આરોગ્ય)ની ૧ (એક) જગ્યા આરોગ્ય સેવાઓ પુરી

પાડવા માટે ઉભી કરવામાં આવેલ છે.તેમજ ૭૭ ફિમેલ હેલ્થ વર્કર અને ૨૦ મેલ હેલ્થ વર્કરની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

અસરગ્રસ્ત કુટુંબોના બાળકોને આઈ.સી.ડી.એસ. યોજનાનો લાભ મળે તે માટે ૩૪ વસાહતોમાં આઈ.સી.ડી.એસ. સેન્ટર શરુ કરવામાં આવેલ છે, તેમજ જયાં સ્વતંત્ર કેન્દ્ર નથી તેવી ૧૫૦ વસાહતોમાં સબ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ ક્ષેત્રે.

તમામ વસાહતોમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓનું બાંધકામ નિયમોનુસાર જરુરી સંખ્યામાં કરવામાં આવેલ છે. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ખાતે નાયબ નિયામકશ્રી (શિક્ષણ) ની ૧ અને બીટ નિરીક્ષકશ્રીની ૩ જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

જે વસાહતોમાં અસરગ્રસ્તો રહે છે તે અસરગ્રસ્તોના બાળકોના શિક્ષણ માટે સબંધિત જિલ્લા પંચાયતો ધ્વારા શિક્ષકની નિમણુંક કરવામાં આવે છે. કુલ ૫૦૬ શિક્ષકો ની નિમણુંક થયેલ છે. અને ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૮૫૮૫ બાળકોનું રજીસ્ટ્રેશન થયેલ છે.

તમામ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ મળે તે માટે કાર્યવાહી કરવામાં આવે છે. ૨૧૫ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના રસોડા કમ સ્ટોરરૂમનું બાંધકામ કરવામાં આવેલ છે.

(૩) ખેતીવાડી ક્ષેત્રે.

નાયબ નિયામકશ્રી (ખેતી) ના નિયંત્રણ હેઠળ ૨ (બે) મદદનીશ નિયામકશ્રી અને ૪ (ચાર) ખેતીવાડી અધિકારીશ્રીઓની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. જમીનની ગુણવત્તાની ફરિયાદ અંગે જરુરી ખાતરી કરવાની કામગીરી તેમજ અસરગ્રસ્તોને ખેતીવાડી ક્ષેત્રે જરુરી માર્ગદર્શન આપવાની તેમજ ખેતીલક્ષી તાલીમ અપાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૪) <u>એન્જીનીયરીંગ ક્ષેત્ર</u>. વસાહતોના બાંધકામ ઉપરાંત, જમીન સુધારણા અને વસાહતોના મરામત / સિંચાઈની સુવિધા સહીતની કામગીરી કરવામા આવે છે.

<u>(૩)</u> <u>આર.એન્ડ ડી.</u> અસરગ્રસ્ત કુટુંબોને ઉત્પાદકીય સહાય આપવાની કામગીરી ઉપરાંત સરકારશ્રીના અન્ય વિભાગો/ બોર્ડ / કોર્પોરેશન/ એજન્સીમાંથી અસરગ્રસ્તોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તે માટે માર્ગદર્શન અને સંકલન કરવાની કામગીરી કરે છે.

## ૨.૭ <u>જાહેર તંત્રના રાજય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ (જયાં લાગુ પડતું હોય ત્યાં)</u>

ચાર્ટ આ સાથે સામેલ કરેલ છે.

## ૨.૮ <u>જાહેર તંત્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ.</u>

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા સરદાર સરોવર પરિયોજનાના અસરગ્રસ્તો માટે હાથ ધરાવેલ કામગીરીની જાણકારી તમામ લોકો મેળવે અને તેનો સમાજમાં સાચો પ્રચાર થાય તેવા પ્રયત્નો કરે. જેથી પરિયોજનામાં આવતા અવરોધ સામે લોકો જાગૃત થાય. જેથી તંત્ર ઓછા સમયમાં પુનઃવસનની કામગીરી પુર્ણ કરી શકે, અને સમય તથા ખર્ચનો બચાવ થઈ શકે. પુનઃવસન પામેલા અસરગ્રસ્તો જેઓ પોતાની મૂળ જમીનો, ગામ તથા રાજય છોડીને નવી જગ્યાએ સરળતાથી સ્થાયી થઈ શકે તે માટે તેમને સામાજીક રીતે ઉપયોગી થાય અને રાજયના મુખ્ય પ્રવાહમાં આ અસરગ્રસ્તો જોડાઈ જાય તે માટેની મદદ મળી રહે તેવી અપેક્ષા છે.રાજયની જીવાદોરી સમાન યોજનામાં તમામ લોકોના હકારાત્મક અભિપ્રાય/ સહકારની અપેક્ષા છે.

## <u>૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ</u>

અસરગ્રસ્તોના પુનઃસ્થાપન માટે દરેક વસાહતમાં શિક્ષણ, આરોગ્યના તંત્રમાં વસાહતના મૂળ ગામમાં રહેતા લોકોને પણ તેનો લાભ આપવામાં આવે છે. ખેડૂત શિબિરોમાં પણ તેઓને સામેલ કરવામાં આવે છે. તથા સરદાર સરોવર યોજનાથી લોકોને થનાર લાભોની વિગતો આપવામાં આવે છે. તેનાથી તંત્રની કામગીરીમાં લોક સહયોગ વધુ મળી રહે તેવી શકયતા છે.

ગુજરાત પંચાયત અધિનિયમ અંતર્ગત હુકમ કરીને રાજય સરકારશ્રી ધ્વારા અસરગ્રસ્ત કુટુંબોના વસાહતની કુટુંબની સંખ્યાના આધારે ગ્રામ પંચાયતમાં આમંત્રિત સભ્ય તરીકેનું સ્થાન આપવા માટેની કાર્યવાહી કરેલ છે. તદ્ઉપરાંત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુસુચિત જાતિ / અનુ. જન જાતિના અસરગ્રસ્તોને રાજય સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તે માટે પ્રબંધ કરેલ છે.

## ૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર

ફરિયાદ નિવારણ પ્રાધિકરણની રચના રાજય સરકારશ્રી ધ્વારા નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૬/૨/૧૯૯૯ ના ઠરાવથી કરવામાં આવેલ છે. જેના અધ્યક્ષશ્રી તરીકે નામદાર સર્વોચ્ચ અદાલતના માનનીય નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રી અને માનનીય સભ્યશ્રી તરીકે નામદાર ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રી છે. ફરિયાદ નિવારણ પ્રાધિકરણની સૂચનાઓ / નિર્દેશો રાજય સરકારશ્રીને બંધનકર્તા છે.

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા થયેલ ફરિયાદ નિવારણ સંદર્ભમાં અસરગ્રસ્તને અસંતોષ હોય તો ફરિયાદ નિવારણ પ્રાધિકરણને અપીલ કરી શકે છે. આમ ફરિયાદના નિવારણ માટે સ્વાયત્ત વ્યવસ્થાતંત્ર ઉભું કરવામાં આવેલ છે.

અસરગ્રસ્તો અને સ્વૈચ્છિક સંસ્થાઓ, ફરિયાદ નિવારણ પ્રાધિકરણને રજૂઆત કરી શકે છે. પ્રાધિકરણ અસરગ્રસ્તોની ફરિયાદોના વ્યાજબી નિવારણ માટે કાર્યવાહી કરે છે.

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં દર સોમવાર અને ગુરુવારે અધિકારીશ્રીઓ મુખ્ય મથકમાં હાજર રહી અસરગ્રસ્તોની રજૂઆતોનો યોગ્ય નિકાલ થાય તે માટે કાર્યવાહી કરે છે. તેમજ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં જ ફરિયાદ નિવારણ સેલ ઉભું કરવામાં આવેલ છે. જેના વડા તરીકે સંયુકત કમિશ્નરશ્રી ( પુ.વ.) ફરજ બજાવે છે. અસરગ્રસ્તોના પ્રશ્નોની રજૂઆતના સંદર્ભમાં થતી કાર્યવાહીનું મોનીટરીંગ ઉપરોકત સેલ ધ્વારા કરવામાં આવે છે.

૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓનાં સરનામાં

પ્રકરણ નં : ૮ માં દર્શાવેલ છે.

૨.૧૨ કચેરી શરૂ થવાનો સમય : સવારે ૧૦.૩૦ કલાકે.

(જાહેર રજા સિવાય)

કચેરી બંધ થવાનો સમય : સાંજના ૧૮.૧૦ કલાકે.